અપીલ અરજી નં.૧૨૭ તા.૯–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૬–૧૦ ની અરજીથી (૧) પાન્ડેસરા પ્રમુખપાર્કના મેઈનગેટની જમણી બાજુ તેમજ ડાબીબાજુ બંન્ને બાજુ બે બોરીંગ છે તેની કાયદેસરતા, પરવાનગી તથા આપ ધ્વારા કોઈ પરવાનગી આપીછે કે કેમ? ન આપી હોય તો આ રોડ તોડનાર તત્વો સામે કોઈ કાયદેસર કાર્યવાહી કેમ થતી નથી. તેના તમામ ઠોસ કારણો તથા જે તે જવાબદાર અધિકારીના નામ સાથે માહિતી આપવા. (૨) હાલ ઉધના મેઈન રોડ પર **BRTS** નું ૨૦૦ ફૂટના રોડનું કામ ચાલુ છે, ત્યાં દુકાન મકાન બનાવનારાઓએ ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડવી જોઈએ? તેની અથવા જગ્યા ડીમોલીશનમાં ગઈ હોય તો ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડવી જોઈએ ગામતળ કે ખાડી પૈકી વાળાએ ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડી બાંધકામ કરવું જોઈએ. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૭/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૬–૧૦ ની અરજીથી (૧) પાન્ડેસરા પ્રમુખપાર્કના મેઈનગેટની જમણી બાજુ તેમજ ડાબીબાજુ બંન્ને બાજુ બે બોરીંગ છે તેની કાયદેસરતા , પરવાનગી તથા આપ ધ્વારા કોઈ પરવાનગી આપી છે કે કેમ? ન આપી હોય તો આ રોડ તોડનાર તત્વો સામે કોઈ કાયદેસર કાર્યવાહી કેમ થતી નથી. તેના તમામ ઠોસ કારણો તથા જે તે જવાબદાર અધિકારીના નામ સાથે માહિતી આપવા. (૨) હાલ ઉધના મેઈન રોડ પર **BRTS** નું ૨૦૦ ફૂટના રોડનું કામ ચાલુ છે, ત્યાં દુકાન મકાન બનાવનારાઓએ ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડવી જોઈએ? તેની અથવા જગ્યા ડીમોલીશનમાં ગઈ હોય તો ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડવી જોઈએ ગામતળ કે ખાડી પૈકી વાળાએ ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડી બાંધકામ કરવું જોઈએ. તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૩૩૩ તા.૭–૭–૨૦૧૦થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૨ તા.૨૧–૭–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૮૭ તા.૨–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૩૩૩ તા.૭–૭–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. પત્ર સંદર્ભે વધુમાં નહીં આપેલી વિગત અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૧૭–૬–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી સાઉથઝોન ઉધનાખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૩૩૩ તા.૭–૭–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે રોડ તોડનારને છાવરી **BRTS** નું કામ ચાલુ છે તેવ જવાબ આપેલ છે પરંતુ તે રોડ **BRTS** ધ્વારા તોડવામાં આવ્યો નથી ટેન્કરો બોરીંગ ધ્વારા તૂટેલ છે તથા પરવાનગી નથી આપી છતાં કોઈ કાર્યવાહી નથી કરી તેના કારણો તથા જવાબદાર અધિકારીના નામ ન આપવાથી તા.૯–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરી જેમાં મુદ્દા નં.(૧) પાન્ડેસરા પ્રમુખપાર્કના મેઈનગેટની જમણી બાજુ તેમજ ડાબી બાજુ બંન્ને બાજુ બે બોરીંગ છે તેની કાયદેસરતા , પરવાનગી તથા આપ ધ્વારા કોઈ પરવાનગી આપી છે કે કેમ? ન આપી હોય તો આ રોડ તોડનાર તત્વો સામે કોઈ કાયદેસર કાર્યવાહી કેમ થતી નથી. તેના તમામ ઠોસ કારણો તથા જે તે જવાબદાર અધિકારીના નામ સાથે માહિતી આપવા.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાંડેસરા પ્રમુખ પાર્કના મેઈન રોડની જમણી બાજુ તેમજ ડાબી બાજુએ બે બોરીંગ છે તેની અત્રેના સાઉથઝોન ઉધના ધ્વારા કોઈ પરવાનથી આપવામાં આવેલ નથી. તેમજ પ્રમુખ પાર્કના મેઈન ગેટ નજીક રોડ પરનું ખોદાણ **BRTS** પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં આ બંને બોરીંગને પરવાનગી આપી નથી છતાં આજ દિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી તેના ઠોસ કારણો અને જવાબદાર અધિકારીઓના નામ તથા બોરીંગ ટેન્કરો ધ્વારા સર્વીસ રોડ તોડેલ છે હાલમાં તોડવાનું કામ ચાલુ છે છતાં માહિતી **BRTS** ના બહાનું કાઢી રોડ તોડનારને છાવરી રહયા છો તેવી રજૂઆત કરેલ છે. જેના દાવાના સમર્થનમાં અરજદારે કોઈ વિગતો રજૂ કરેલ નથી જાહેર માહિતી અધિકારી ધ્વારા પણ તેનું ખંડન કરેલ નથી. આ બાબત સ્થળ સ્થિતિ અને દફતર હકીકત પર નિર્ભર રહે છે તેથી તકરાર નિવારણનો ગણી શકાય પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાણીના ટેન્કરો ધ્વારા તૂટેલ રોડ બાબતે કરેલ કાર્યવાહી અને જવાબદાર અધિકારી બાબતેની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. (૨) હાલ ઉધના મેઈન રોડ પર **BRTS** નું ૨૦૦ ફૂટના રોડનું કામ ચાલુ છે, ત્યાં દુકાન મકાન બનાવનારાઓએ ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડવી જોઈએ? તેની અથવા જગ્યા ડીમોલીશનમાં ગઈ હોય તો ૨૦૦ ફૂટ પછી કેટલી જગ્યા છોડવી જોઈએ ગામતળ કે ખાડી પૈકી વાળાએ ૨૦૦ ફૂટ પછી

કેટલી જગ્યા છોડી બાંધકામ કરવું જોઈએ. તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ઉધના મેઈન રોડ પર **BRTS** નું ૨૦૦ ફુટના રોડનું કામ ચાલુ છે? ત્યારે રે.સ.નં./ગામતળ/ ટીપી સ્કીમ વિસ્તાર મુજબ ડી.સી.આર.૨૦૦૪ માં દર્શાવેલ માર્જીન અંગેની જોગવાઈઓ મુજબ દુકાન /મકાન બનાવનારાઓએ માર્જીન છોડવાનું હોય છે તેમજ ડીમોલીશનમાં જગ્યા ગઈ હોય તેવા કિસ્સામાં જેતે સમયે નકકી થયેલ પોલીસી મુજબ માર્જીન છોડવાનું રહે છે. તેવું જણાવેલ છે. આ બાબતે અરજદારે અપીલીય તકરાર કરેલ ન હોઈ તેટલા પૂરતી કોઈ છણાવટ કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૭–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ પૈકીની જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પૂરી પડાયેલી પરવાનગી વગરના બોરીંગ અંગે કાર્યવાહી તથા જવાબદાર અધિકારીના નામ અંગેની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) … ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ